# સાતમું શિખર

આપણે બસ આપણાથી પર થવાનું હોય છે,
એટલે કે આભથી અધ્ધર થવાનું હોય છે.

કાળનું ભૂખ્યું વિહગ ક્ષણેકમાં આવી જશે,
શ્વાસને પોષણ બની હાજર થવાનું હોય છે.

જળ ઉપર આવી શકે, પણ છે શરત બસ એટલી,
કોઈએ તો પાત્રમાં કંકર થવાનું હોય છે.

સાચવી રાખી રહસ્યો સૂર્ય તો ઊંઘી જશે,
સૌપ્રથમ આકાશને બિસ્તર થવાનું હોય છે.

આ હવા જાતે સુરક્ષિત સ્થાન શોધે છે ફરી,
આશરો આપી દીવાએ ઘર થવાનું હોય છે.

એક પડછાયો અનિશ્ચિત પ્રશ્ન પર ઊભો હશે;
દ્વાર ખોલી ટાંકણે ઉત્તર થવાનું હોય છે.

લક્ષ્ય સાધો તો તમે પામી શકો ઊંચાઈને;
આંખ મીંચી સાતમું શિખર થવાનું હોય છે.

*(કાવ્યસભા : વર્તમાન કવિતાનો વિજાજ,*
*સંપાદક : અંકિત ત્રિવેદી)*

# સાદગી મળી છે....

જાહોજલાલી ક્યાં છે? આ સાદગી મળી છે,
રાતો ઉજાળવાની દીવાનગી મળી છે.

એ વાત છે અલગ કે પામે નહીં તું ચિંતન
સંજોગ ને સમયની દશ્યાવલિ મળી છે.

જો હોય પોત તારું તો પામશે અકિંચન,
વૈશ્વિક ચેતનાની સુરાવલી મળી છે!

જાગી ગયેલા શ્વાસે ઉચ્છ્‌વાસને કહ્યું કે-,
આવાગમનની કેવી આ તાજગી મળી છે!

માળા, મુગટ, સુદર્શન અદશ્ય થઈ ગયાં છે;
બે હોઠ વચ્ચે એવી તો વાંસળી મળી છે!

તારા ઉપર નભે છે સર્જન અને વિસર્જન;
માટીપગા શહેરમાં દીવાસળી મળી છે!

સાગર તરાય એવો હુન્નર હું ક્યાંથી લાવું?
પ્રત્યેક આંખમાંથી એક માછલી મળી છે!

શબ્દોથી દૂર જાવું સંભવ નથી કદી પણ;
માટે જ સાધનાની આ પાલખી મળી છે...!

■

# નયનની પાર પહોંચી છે

અમારી તો બધી પીડા નયનની પાર પહોંચી છે.
તમારી કેટલી ઇચ્છા ગગનની પાર પહોંચી છે?

નવાઈ શું કરી છે વાંસળીને ફૂંક મારીને?
તડપતી કેટલી ફૂંકો અગનની પાર પહોંચી છે!

તમોને યાદ ના આવે અમે ભૂલી નથી શકતા,
સલામી જૂજ હાથોની વતનની પાર પહોંચી છે!

તમે સામા મળો તો એક છાની વાત કહેવી છે :
'તમારા શ્વાસની ઉષ્મા વજનની પાર પહોંચી છે.'

તમે આગળ વધો છો પણ બધાં પગલાંઓ ભૂંસીને;
હવે એ રાહની રહેમત સ્વજનની પાર પહોંચી છે!

અસલમાં તો બધો શણગાર છે આ બુદબુદા ઉપર;
બધી અતૃપ્ત ઇચ્છાઓ કફનની પાર પહોંચી છે!

કસર કરતો રહ્યો હું રોજ એ થડકાને ગણવામાં,
ખબર છેલ્લે પડી તસ્બી ભવનની પાર પહોંચી છે...!

■

# આરપાર

જાણમાં બધું જ છે ને જાણ બહાર તું જ છે.
તું સતત રહે કિનારે સામે પાર તું જ છે.

તું સ્વયંભૂ રાગમાં જ ભિન્ન ષડજ થઈ વહે,
ને પછી અશબ્દ સૂર, તારતાર તું જ છે.

આજ તું મંથર ગતિએ ચાલતો પવન બને,
ક્વચિત સમયના અશ્વ પર એ મારમાર તું જ છે.

તાકતું નિશાન તું ને હું સકળ વીંધાઈ જઉં,
જે કરે છે તરબતર, એ આરપાર તું જ છે.

તું ધજા ઉપર રહી દિશાસૂચનમાં વ્યસ્ત છે,
રાજ્યમાં ત્વરિત પ્રસરતો કારભાર તું જ છે.

રંગમંચથી વિશેષ કંઈ નથી જીવન તમામ;
દ્વારપાળ તું સ્વયં ને સૂત્રધાર તું જ છે.

તું પ્રથમ ચરણ બને પ્રવાસનું અહીં અને,
માર્ગમાં ઘેરી વળે એ અંધકાર તું જ છે.

જીવ સાથ દે પરંતુ દેહ સાથ દે નહીં
મોક્ષમાં પંચેન્દ્રિયોને પામનાર તું જ છે.

શાશ્વતી ક્ષણો બધી સંભાવનાથી પર થશે,
તિમિરની ગર્તમાં નિશાને આંજનાર તું જ છે.

તું અગર કશે નથી તો હુંય ના રહું કશે,
સાધનાર તું હશે જો તારનાર તું જ છે.

■

# બે ઘડીમાં આવું....

જળને જરા મનાવી હું બે ઘડીમાં આવું.
પથ્થર બધા તરાવી હું બે ઘડીમાં આવું.

આપી દીધી છે જગ્યા બારીની વચ્ચે કેવી!
આકાશ ઘરમાં લાવી હું બે ઘડીમાં આવું!

જુઓ જો રાહ મારી સાચું કહું છું તમને,
બાળકને ફોસલાવી હું બે ઘડીમાં આવું.

થાકી ગયા છે લોકો અંધાર વાગોળીને,
ચકમક જરા જલાવી હું બે ઘડીમાં આવું.

નાટક છે એમ ભૂલી સૌ પાત્રમાં ડૂબ્યાં છે
પડદો પ્રથમ ઉઠાવી હું બે ઘડીમાં આવું!

સંસાર તાપણું છે સૌ તાપવાને બેઠાં,
બાકસ પીડાને આપી હું બે ઘડીમાં આવું!

એના સુકાન માટે તરસે બધા ખલાસી;
દરિયાને એ જણાવી હું બે ઘડીમાં આવું!

આવી શકું જો પાછો ઉપલબ્ધિ એને ગણજો;
છેલ્લું વચન નિભાવી હું બે ઘડીમાં આવું...!

■